ઘડિયાળનાં કાંટા પ્રમાણે ભાગતું જીવન જીવશો તો સાચી ખુશીનો અનુભવ ક્યારેય નહિં થાય
- સંત ફ્રાન્સિસ

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૮૨ | ૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૩, ગુરૂવાર; ભાદરવા સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

જિલ્લા પંચાયતની ૨૬મીએ સામાન્ય સભા

હિના પટેલના અધ્યક્ષપદે મળનારી પ્રથમ બેઠક તોફાની બનવાના સંકેત; ઉપપ્રમુખનું રાજીનામું મંજૂર કરવા તેમજ ૧૧ સભ્યોની સમિતિઓમાં નિમણુંકના મુદ્દે પ્રવર્તતી રાજકીય ઉત્તેજનાઓ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા આગામી તા. ૨૬ સપ્ટેમ્બરના રોજ બપોરે બે વાગે પંચાયતના સરદાર પટેલ હોલમાં મળશે. આ બેઠક તોફાની બનશે તેવા રાજકીય સંકેતો પણ મળી રહ્યા છે.

જિલ્લા પંચાયતના નવા વરાયેલા પ્રમુખ શ્રીમતિ હિના પટેલના અધ્યક્ષપદે આ પ્રથમ બેઠક મળી રહી હોવાથી રાજકીય ઉત્તેજના વધુ જોવા મળી રહી છે.

જિલ્લા પંચાયતની આ સામાન્ય સભામાં ૨૭/૬/૨૦૧૩ની ખાસ સામાન્ય સભા બેઠકની કાર્યવાહીને બહાલી આપવાના મુદ્દાથી પ્રારંભ થશે. આ બેઠકમાં દસથી પણ વધુ મુદ્દાઓ પર ચર્ચા થનાર છે.

જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ તરીકે રાજીનામું આપનાર શ્રીમતી ભીખીબેન ઠાકોરના રાજીનામાને બહાલી આપવામાં આવશે. આ રાજીનામું મંજૂર થયા બાદ કે તે અંગેની ચૂંટણીની પ્રક્રિયા માટે વિકાસ કમિશનરશ્રી તરફથી તારીખ મંજૂર થઈ આવે યોજવામાં આવશે.

આ બેઠકમાં જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓની મળેલ બેઠકો તેમજ તેમાં થયેલ કામગીરીને બહાલી આપવાની કામગીરી પણ કરવામાં આવનાર છે.

જિલ્લા પંચાયતની વિવિધ સમિતિની ખાલી પડેલી જગ્યાઓ પર નવી નિમણુંકો પણ આ સામાન્ય સભામાં આપવામાં આવશે. આ બેઠકમાં વહીવટીય તેમજ રાજકીય કામકાજો સૂચવાયા હોવાથી રાજકીય ઉત્તેજના વધુ જોવા મળી રહી છે.

જિલ્લા પંચાયતના નવા ઉપપ્રમુખની પસંદગી અંગે પણ રાજકીય અટકળોનો દોર શરુ થઈ ચુકયો છે. જો કે વિકાસ કમિશનરશ્રી દ્વારા આ અંગે ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેથી વધુ એક વખત ખાસ સામાન્ય સભા યોજી નવી નિમણુંક કરવાની કાર્યવાહી થશે. લગભગ નવરાત્રિ દરમિયાન જ આ બેઠક યોજવામાં આવે તેવી શકયતાઓ પણ છે.

જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓમાં ૧૧ જેટલી જગ્યા ખાલી પડી હોવાથી તેમાં પણ પસંદગી માટે સભ્યોની દોડધામ વધેલી જોવા મળી રહી છે.

કોંગ્રેસ પક્ષના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સમિતિઓમાં સભ્યોની નિમણુંક અને ઉપપ્રમુખની પસંદગી અંગે આગામી દિવસોમાં પક્ષના પ્રભારીઓ ગાંધીનગર આવશે અને સભ્યો સાથે પરામર્શ કરી આગળ વધવામાં આવશે. આગામી સપ્તાહમાં જ સભ્યોની બેઠક મળશે તેવા નિર્દેશો પણ આ સૂત્રો આપી રહ્યા છે.

દરમિયાન વિપક્ષે પણ નવા પ્રમુખને ઘેરવા માટે તેની વ્યૂહરચના તૈયાર કરવાની કવાયતો તેજ બનાવી દીધી છે. આ માટે બંને પક્ષો અત્યારે તો પોતાની રણનીતિના કાર્ડ છુપાવી રહ્યા છે. પણ આ બેઠક તોફાની બનશે તેમ પંચાયતના સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

દિગ્વિજય દિવસ - ૧૧ સપ્ટેમ્બર ૧૮૯૩, શિકાગો શહેર... વિશ્વ ધર્મપરિષદમાં 'ભાઈઓ અને બહેનો'ના સંબોધનથી સમગ્ર વિશ્વને વિવેકાનંદે ભારતીય સંસ્કૃતિનો પરિચય કરાવ્યો હતો.... આજે ૧૧ સપ્ટેમ્બરે વિશ્વ ધર્મપરિષદની સ્મૃતિમાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘે દેશભરમાં યુવાનોને સાંકળીને 'જાગો ભારત જાગો' દોડનું આયોજન કરાયું હતું... ગાંધીનગરના યુવાનોએ 'જાગો ભારત જાગો'માં દોડમાં જોડાઈ સ્વામિ વિવેકાનંદનના વિચારોના પ્રચાર-પ્રસાર માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. નગરના યુવાનોએ સ્વામિજીના વિચારોના પ્લેકાર્ડ લઈ નગરના રાજમાર્ગો પર પરિક્રમા કરી હતી.... દોડના આરંભમાં અને અંતમાં સ્વામીજીના વિચારોને સંદર્ભે વક્તવ્યો યોજાયા હતા. ગાંધીનગર સહિત ગુજરાતના નગરો અને મહાનગરમાં દિગ્વિજય દિવસની ઉજવણી યુવા જાગૃતિના સંદેશ સાથે કરાઈ હતી.

માણસાના ૩ ગામ ગોઝારિયામાં ભેળવાતા ગ્રામજનોમાં ઉગ્ર રોષ

ભાજપ અને કોંગ્રેસમાં પણ માણસાના વિભાજનને લઈ અસંતોષ પ્રવર્તી રહ્યો છે

ગાંધીનગર, તા.૧૧

માણસા તાલુકાના ત્રણ ગામોને નવા રચાયેલા ગોઝારિયા તાલુકા સાથે જોડવાના નિર્ણયનો ઉગ્ર વિરોધ થવા પામ્યો છે તો બીજી તરફ ભાજપના જિલ્લા સંગઠનમાં પણ આ મુદ્દે અસંતોષની આગ બહાર આવવા પામી છે.

માણસા તાલુકાના ખાંટા આંબા, પારલા અને ખરણા ગામને ગોઝારિયા તાલુકામાં ભેળવવાના નિર્ણયનો વિરોધ કરવા આજે ધારાસભ્યશ્રી અમીત ચૌધરીએ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને ઉગ્ર રજુઆત કરી હતી.

આ ઉપરાંત આ વિસ્તારના ભાજપના અગ્રણીઓએ રાજયના નાણાંમંત્રી અને જિલ્લાના પ્રભારી મંત્રીને પત્ર લખી આ નિર્ણયનો વિરોધ નોંધાવ્યો છે.

બીજી તરફ ગ્રામજનોએ પણ વિરોધ કરતાં જણાવ્યું છે કે ગામમાંથી કોઈ માંગણી આવી નથી બસ સરકારે મન ફાવન નિર્ણય લીધો છે તે મંજૂર નથી. આ ગ્રામજનોએ જણાવ્યું છે કે પંચાયતોએ પણ કોઈ પ્રસ્તાવ પસાર કર્યા નથી. લોકોની લાગણીઓને સરકાર સત્તાના બળે કચડી શકે નહિ.

દરમિયાન આજે માણસા તાલુકા સેવાસદનના લોકાર્પણ કાર્યક્રમ વેળાએ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને નિતીન પટેલ જઈ રહ્યા છે ત્યારે તેમની સમક્ષ પણ ઉગ્ર રજુઆતો કરવામાં આવે તેવી શકયતાઓ છે. જો કે આના કોઈ પડઘા કાર્યક્રમ પર પડે નહિ તે માટે તંત્ર દ્વારા બેઠકનો દોર ચાલી રહ્યો છે અને આખો મામલો થાળે પાડવાના ભરપૂર પ્રયાસો હાથ ધરાયા છે.

શહેરમાં પ્રથમવાર ગણેશ-વિસર્જન માટે કૃત્રિમ તળાવ

સંત સરોવરની સાઈટ પાસે તળાવ નિર્માણ કરાયું : ૭ ફૂટ ઉંડા તળાવ ફરતે સલામતીના ભાગરૂપે વાંસના બેરીકેટસ લગાવાયા

ગાંધીનગર, તા.૧૧

શહેરમાં ગણેશ-વિસર્જનના ધાર્મિક ઉત્સવને ધ્યાને લઈ પ્રથમવાર કૃત્રિમ તળાવ તૈયાર કરવામાં આવ્યું છે. તંત્ર દ્વારા સંત સરોવરની બાંધકામ સાઈટ નજીક ૭ ફૂટ ઉંડુ કૃત્રિમ તળાવ બનાવવામાં આવ્યું છે. પર્યાવરણની જાળવણી માટે સુપ્રિમ કોર્ટની ગાઈડ લાઈન મુજબ તળાવ નિર્માણની કામગીરી પૂર્ણ કરી દેવાઈ છે. તળાવ ફરતે વાંસ લગાવી સલામતીના ભાગરૂપે બેરીકેટ બનાવવામાં આવી છે.

શહેરમાં સેકટરે સેકટરે ગણેશોત્સવની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. જયારે વિઘ્નહર્તાની ભકિત વંદના માટે ઘણાખરા ભાવિકોએ પોતાના ઘરે પણ ગણેશજીની મૂર્તિ સ્થાપના કરી છે. બપોરે તેમજ રાત્રિના સમય દરમિયાન ગણેશોત્સવ અન્વયે રંગારંગ કાર્યક્રમો પણ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. સમગ્ર શહેર ગણેશ ભકિતમાં તરબોળ બન્યું છે જયારે ગણેશોત્સવના પર્વને અનુલક્ષી તંત્ર દ્વારા પણ જરુરી તૈયારી કરી દેવાઈ છે. ગણેશ વિસર્જન પ્રસંગે ભાવિકોને શ્રીજીની મૂર્તિ જળમાં વિસર્જન કરવા કોઈ અવ્યવસ્થા કે હાલાકી ન ભોગવવી પડે તે માટે પાટનગર યોજના વિભાગ દ્વારા ખાસ કૃત્રિમ તળાવ તૈયાર કરવામાં આવ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર પર્યાવરણની જાળવણીને ધ્યાને લઈ પ્રદુષણ ન થાય તે માટે તંત્રના અધિકારીઓએ સ્થળ મુલાકાત લઈ તળાવ તૈયાર કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના અંતે ઈન્દ્રોડા ખાતે નદીના પટમાં સંત સરોવર બાંધકામ સાઈટની નજીક ૨.૮૮ લાખ લીટર પાણી ભરાય તેવી ક્ષમતા ધરાવતું તળાવ તૈયાર કરાયું છે. ૭ ફૂટ ઉંડા આ તળાવ ફરતે વાંસના બેરીકેટસ પણ લગાવી દેવાયા છે. જેથી ગણેશ વિસર્જન વેળાએ ભાવિકોની ભીડ જામતા અકસ્માતના સંજોગો ટાળી શકાય.